# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા માંકવા ગામ ખાતે પ્રાકૃતિક અને પોષક ધાન્ય વિષય ઉપર ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના માંકવા ગામે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડાંગર તેમજ પોષક ધાન્ય પાકો ઉપર સંશોધિત નવીન જાતો અને પોષક ધાન્ય અને આહારમાં  સંતુલિત ઉપયોગ રાખી માનવ તંદુરસ્તીના જતન માટે પ્રવચન આપવામાં આવેલ હતુ, ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અને જીવામૃત, ઘનામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિઅસ્ત્ર બનાવવાની રીત અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ કંપનીના  મુખ્ય મેનેજર શ્રી એ. કે. સિંઘ, દિલ્લી અને શ્રી આર. કે. અડવાણી, અમદાવાદે કંપનીની પ્રોડક્ટ અંગે માહિતી આપેલ હતી. જેમાં માંકવા ગામના ૧૦૬ પ્રગતિશીલ ખેડૂતો અને ચંબલ ફર્ટીલાઈઝર્સ, અમદાવાદના સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. ગ્રામજનોનો ડાંગર, પ્રાકૃતિક ખેતી અને જમીનના જતન બાબતે ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. તારક પટેલ, રિસર્ચ એસોસિએટ, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ કરેલ હતું.




